# રાજ્યમાં નવા ૧૧૫૯૨ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૭ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૫૪૭૯૩૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૨૬૩ કેસ

ગાંધીનગર,તા.૧૧ ગુજરાતમાં કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થયા બાદ હવે ધીરે ધીરે કાબુમાં આવી રહી છે. ગુજરાતમાં હવે કોરોનાના કુલ કેસ કરતા રિકવર થઈ રહેલા દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. રાજ્યમાં કોવિડ ૧૯થી સાજા થનારા દર્દીઓની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. આજે ૧૪,૯૩૧ દર્દીઓ સાજા થયા છે. નવા ૧૧,૫૯૩ કેસ જ આવ્યા છે. રાજ્યમાં આજે કુલ ૨,૦૭,૭૦૦ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૫,૪૭,૯૩૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર પણ ૭૯.૧૧ ટકાએ પહોંચી છે. અત્યાર સુધીમાં કુલ ૧,૦૩,૯૪,૧૫૦ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૩૩,૫૫,૧૮૫ લોકોનું બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આ પ્રકારે કુલ ૧,૩૭,૪૯,૩૩૫ રસીકરણનાં ડોઝ આપવામાં આવ્યા. આજે ૧૮થી ૪૪ વર્ષ સુધીનાં ૨૯,૮૧૭ વ્યક્તિઓને પ્રથમ ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું તેમ જ ૬૦ વર્ષ વધારે વયના અને ૪૫થી ૬૦ વર્ષનાં કુલ ૩૫,૧૮૦ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૧,૩૨,૪૬૬ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં હાલ ૧,૩૬,૧૫૮ એક્ટિવ કેસ છે.



## કોરોના કોર્નર

- યાત્રાધામ દ્વારકામાં ૨૦ મી સુધી લોકડાઉન.
- ભારત બાયોટેકની કોવેક્શીનનો જથ્થો અમદાવાદ આવી ગયો છે.
- કોરોના મહામારીના તમામ મૃતકોના વારસદારોને ૪ લાખની સહાય આપવા કોંગ્રેસની માંગ.
- મોરબીમાં ૧૦૦ સીરામીક એકમો બંધ.
- અમદાવાદ અને ગાંધીનગરમાં ડ્રાઈવ થ્રુ વેક્સિનેશન માટે લાંબી લાઈનો.
- મહાનાયક અમિતાભ બચ્ચને કોરોના સામેની લડત માટે ૨ કરોડની સહાય આપી.
- રાજસ્થાનમાં પ્રવેશ માટે આરટીપીસીઆર રીપોર્ટ નેગેટીવ ફરજીયાત.
- ઈન્ડોનેસીયાથી ૪ ક્રાયોઝેનીક ઓક્સિજન કન્ટેનર ભારત આવી પહોંચ્યા.
- રાજસ્થાન, કર્ણાટક અને તામિલનાડુમાં સંપુર્ણ લોકડાઉન.
- અમદાવાદમાં ઓક્સિજનની વપરાશમાં નોંધપાત્ર ઘટાડો.
- કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવની તબિયતમાં સુધારો.
- દિલ્હીમાં ખાનગી હોસ્પિટલના ૮૦ થી વધુ મેડિકલ સ્ટાફને કોરોના પોઝીટીવ.
- બિલગેટ્સ ભારતને વેક્સિન પહોંચાડવાના મતમાં નથી.

## જન્મદિને વધામણી



વૈશ્વિ સંજયકુમાર નાયક
(શિવમ્ પાર્ક સોસાયટી-બાયડ)
સરડોઈ, તા.મોડાસા



વિપુલભાઈ જેઠાભાઈ દરજી
(પ્રા.શિક્ષક : જાડીસેબલ વર્ગ શાળા)
બાયડ, જિ.અરવલ્લી



મયુરભાઈ સી. પટેલ
(એડવોકેટ)
અરજણવાવ, તા.બાયડ



અતુલભાઈ શાહ
(કોટીયર્ક મશીનરી)
બાયડ, જિ.અરવલ્લી



રશ્મિકભાઈ પટેલ
(પ્રા.શિક્ષક)
ધનસુરા, જિ.અરવલ્લી



હીનાબેન વિજયભાઈ સોની
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

### પૂર્વ ધારાસભ્યએ ટોણો મારતાં ગ્રાન્ટ ફળવાઈ..!!

## બાયડના કોંગ્રેસી ધારાસભ્યએ માલપુર સી.એચ.સી.માં ઓક્સિજન પ્લાન્ટ માટે ૪૮ લાખ ફાળવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ બાયડ કોંગ્રેસના ધારાસભ્યને પત્ર લખી તમે કોવિડ-૧૯ માટે ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવી નથી તેવો ટોણો માર્યાના ૪ દિવસ પછી બાયડ કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે ધારાસભ્ય ફંડમાંથી કોવિડ-૧૯માં માલપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં ઓક્સિજન પ્લાન્ટ માટે રૂા.૪૮ લાખની ગ્રાન્ટ ફાળવણીનો પત્ર જિલ્લા આયોજન અધિકારીને મોકલી આપતાં પૂર્વ ધારાસભ્યનો પત્ર માસ્ટર સ્ટ્રોક સાબિત થયો છે.

છેલ્લા કેટલાય સમયથી બાયડ તાલુકામાં કોરોનાની મહામારીએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં અનેક લોકો મોતને ભેટ્યા છે. ત્યારે લોકસેવાની દુહાઈ દેતા આગેવાનોમાંથી માંડ એકાદ-બે આગેવાનો જાહેરમાં દેખાયા છે. અન્ય આગેવાનો કયા ગુપ્તવાસમાં ચાલ્યા ગયા તે પ્રજાને સમજાતું નથી. પરંતુ એકવાત નક્કી છે કે બાયડના વર્તમાન અને પૂર્વ ધારાસભ્યને બાયડ તાલુકાની પ્રજા કરતાં માલપુર તાલુકાની પ્રજાની સેવા કરવામાં વધુ રસ છે. અગાઉ પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ માલપુરમાં જઈને ઓક્સિજન સિલીન્ડરની વ્યવસ્થા ઉભી કરી આપી. બાયડ તાલુકાની વાત્રક હોસ્પિટલ માટે તેઓએ ઉપેક્ષા દર્શાવી તે જ રીતે બાયડના કોંગ્રેસી ધારાસભ્ય જશુભાઈ પટેલે વાત્રક હોસ્પિટલમાં કોવિડ-૧૯ અંતર્ગત હેઠળ વધુ ગ્રાન્ટ ફાળવવાના બદલે માલપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં ઓક્સિજન પ્લાન્ટ માટે ધારાસભ્ય ફંડમાં રૂા.૪૮ લાખની ગ્રાન્ટ ફાળવી છે અને તાત્કાલિક ઓક્સિજન પ્લાન્ટ ફીટ કરાવવા જિલ્લા આયોજન અધિકારીને પત્ર પાઠવ્યો છે. બંન્ને ધારાસભ્યોના મૂળ માદરે વતન આમ તો માલપુર તાલુકો જ ગણાય..!! જો કે માલપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓની ખુબ સારી સેવા થઈ રહી છે જેમાં બાયડના ડૉ.યોગેશ ગોસ્વામીનું મહત્વનું યોગદાન છે. ઓક્સિજન પ્લાન માટે ગ્રાન્ટ ફળવાતાં કોરોનાગ્રસ્ત સહિત અનેક દર્દીઓને આવનારા સમયમાં લાભ થશે.

## ખાખી વર્દીની માનવતા : અરવલ્લીમાં હેડકોન્સ્ટેબલની બઢતી મેળવનાર કર્મચારીએ ૨૫૦૦ માસ્કનું વિતરણ કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦



ખાખી વર્દીની છાપ સમાજમાં થોડીઘણી ખરડાઈ છે પરંતુ કેટલાય પોલીસ કર્મીઓ અને અધિકારીઓએ નેત્ર દિપક કામગીરી કરી પ્રજાના દિલમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તાજેતરમાં જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ રાહુલકુમાર ધીરૂભાઈને હેડકોન્સ્ટેબલ તરીકેની બઢતી મળતાં મિત્રો અને સ્ટાફમાં મીઠાઈ વહેંચવાના બદલે વર્તમાન કોરોનાની મહામારીને ધ્યાને રાખી ૨૫૦૦ માસ્કનું મફતમાં વિતરણ કરી સમાજ ઉપયોગી યોગ્ય દાખલો બેસાડતાં જિલ્લા પોલીસવડા સંજય ખરાતે પોલીસ કર્મીની કામગીરીને બિરદાવી છે.

તાજેતરમાં જ અરવલ્લી એલ.સી.બી. પી.આઈ. અને તેમનો સ્ટાફ દારૂ ચોરીના પ્રકરણમાં ઝડપાયો હતો તે અગાઉ એક પોલીસ કોન્સ્ટેબલ દારૂના બુટલેગર પાસેથી લાંચ લેવાના પ્રકરણમાં શંકાસ્પદ હાલતમાં નાસી છૂટ્યો હતો અને પછી હાજર થયો. શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં પકડવામાં આવેલા વિદેશી દારૂની ચોરી અને વેચાણ સહિતના બનાવમાં પોલીસની ભૂમિકા શંકાસ્પદ હતી જેથી જિલ્લાની પ્રજાને પોલીસ ઉપર કોઈ ભરોસો ન હતો. પરંતુ બધા જ પોલીસ



કર્મીઓ ભ્રષ્ટ હોય તેવી મનોગ્રંથી બાંધી લેવી યોગ્ય નથી. તાજેતરમાં જ જિલ્લા પોલીસ વડા દ્વારા કેટલાક પોલીસ કર્મીઓને હેડકોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી જેમાં રાહુલકુમાર ધીરૂભાઈને પણ બઢતી મળતાં ખુશ થયા પરંતુ મીઠાઈ વહેંચવાના બદલે તેઓએ મિત્રો અને સ્નેહીજનો કોરોના સામે જીવી જાય તે મહત્વનું છે તેવા ઉદ્દેશ્ય સાથે ૨૫૦૦ માસ્કનું વિતરણ કરી જિલ્લા અને સમાજમાં એક ઉત્તમ દાખલો બેસાડ્યો છે.



## ૧૪ દિવસના લોકડાઉનને પગલે ગુજરાત-રાજસ્થાન બોર્ડર સીલ, એસ.ટી. બસોના પ્રવેશ પર પણ પ્રતિબંધ

સમગ્ર દેશમાં કોરોના મહામારી બેકાબૂ બની રહી છે. તેનું સંક્રમણ અટકાવવા માટે રાજ્ય સરકારો હવે સંપૂર્ણ લોકડાઉન તરફ આગળ વધી રહી છે. એવામાં રાજસ્થાનમાં પણ કોરોનાની મહામારીના કેસમાં સતત વધોરો નોંધાઈ રહ્યો છે. જેથી રાજસ્થાન સરકારે સમગ્ર રાજ્યમાં ૧૪ દિવસના લોકડાઉનની જાહેરાત કરી છે. જેના પગલે આજે ૧૦મી મેથી ૨૪મી મે સુધી રાજસ્થાન તથા ગુજરાતની બોર્ડર સંપૂર્ણ પણે સીલ કરી દેવામાં આવી છે. સાથે જ રાજસ્થાન જતા લોકોને RT-PCR રિપોર્ટ નેગેટિવ હોય તો જ પ્રવેશ અપાઈ રહ્યો છે.

## દુઃખદ અવસાન



બાયડ : બાયડના ડૉ.મોનાબેન ડૉ.દિપકભાઈ પટેલ (આસ્થા ક્લિનીક-બાયડ)ના પિતા ડૉ.કેતનકુમાર મોહનદાસ પટેલ (મુક્તાનંદ હોસ્પિટલ-નિર્માલી, તા.કપડવંજ)નું દુઃખદ નિધન થયેલ છે.

• • •



બાયડ : ધનસુરાના મેજર વિઠ્ઠલભાઈ એમ. પટેલના પત્નિ હસુમતીબેન પટેલનું દુઃખ નિધન થયેલ છે.

## ૧૨ સ્માર્ટ મોબાઈલ ફોનની ભેટ : હિંમતનગર સિવિલમાં દાખલ કોરોનાના દર્દીઓ વિડીયોકોલથી સબંધીઓ સાથે વાત કરે

### સરકાર, સહકાર અને સેવા ભેગા થાય તો ગમે તેવી આપત્તિમાંથી બહાર નિકળાય, ગુરૂમંત્ર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

હિંમતનગર સિવિલમાં દાખલ કોરોનાના અનેક દર્દીઓએ દિવસો સુધી પોતાના સબંધીઓ, પરિવારને જોયા નથી. હિંમતનગર શહેરના અગ્રણી એન.જી.પ્રોજેક્ટ પ્રા.લી.ના ડાયરેક્ટર ગોપાલસિંહ રાઠોડ, મુન્નાભાઈ ચાવડા વગેરેને જાણકારી મળી કે હિંમતનગર સિવિલ હોસ્પિટલના કોવિડ વોર્ડમાં હેલ્પ ડેસ્ક તથા દાખલ થયેલા દર્દીઓ તેમના સ્નેહીજનો સાથે વિડીયો કોલીંગ કરવા માટેની સગવડ ઉભી કરવા ૧૨ સ્માર્ટ ફોનની જરૂર છે જેથી પળનોય વિલંબ કર્યા વગર ૧૨ સ્માર્ટ ફોન સિવિલમાં મોકલી આપી કોરોના ચેપગ્રસ્ત દર્દીઓના મુખ ઉપર ખુશાલી લાવવાનો અભૂતપૂર્વ પ્રયાસ કર્યો, સરકાર, સહકાર અને સેવા ભેગા થાય તો ગમે તેવી આપત્તિમાંથી બહાર નિકળી શકાય તેવો ગુરૂમંત્ર શહેરના અગ્રણી નાગરિકોએ સમાજને આપ્યો છે.

કળીયુગમાં દેવમંદિરોમાં જઈ માથાં ટેકવવાની જરૂર નથી. કળીયુગમાં સાચા દેવ જોવા હોય તો કોરોનાના દર્દીઓની સેવા કરતા ડૉક્ટર, પેરા મેડીકલ સ્ટાફ અને નર્સને જુઓ પોતાના જીવની પરવા કર્યા વગર તમામ સ્ટાફ મોંઢા ઉપર સ્મિત રાખી દિવસ-રાત કામ કરી રહ્યો છે. ઘરે જાય તો પણ પરિવારને મળતા નથી અને અલાયદા રૂમમાં સૂઈ જાય છે અને બીજા દિવસે ડ્યુટી જોઈન્ટ કરી લે છે. આ કોઈ નાનું સૂનું બલિદાન નથી. તાજેતરમાં જ એન.જી. પ્રોજેક્ટના ડાયરેક્ટર ગોપાલસિંહ રાઠોડ સિવિલ હોસ્પિટલ-



હિંમતનગરની મુલાકાત લીધી જ્યાં કોરોના વોરિયર્સનું સન્માન કરવાની સાથે તેમની ઈમ્યુનીટી વધારવા માટે અઠવાડીયામાં ૨ દિવસ અમૂલકુલ દૂધ આપવાની જાહેરાત કરી તેનો અમલ શરૂ કર્યો. ત્યારબાદ બીજા દિવસે સિવિલ હોસ્પિટલના કોઈ શુભચિંતકે તેમને જણાવ્યું કે સિવિલ હોસ્પિટલના કોવિડ વોર્ડના હેલ્પ ડેસ્ક અને દાખલ થયેલા દર્દીઓ કે જેમાં મોટાભાગના ગરીબ પરિવારમાંથી આવતા હોય છે. તેમને વિડીયો કોલીંગ મારફતે સ્વજનો સાથે વાત કરાવવામાં આવે તો દવાની સાથે એક સ્નેહીજનોની ઉર્જા મળી જાય તો દર્દી ઝડપથી સાજો થઈ જાય..બસ વાત સાંભળ્યાના ગણતરીના કલાકમાં ગોપાલસિંહ રાઠોડ તેમના મિત્ર મુન્નાભાઈ ચાવડા(કુમાર સેલ્યુલર સરપ્રાઈઝ ફોન, રીચ મોબાઈલ અને જે.સી. મોબાઈલ)ના સહયોગથી એક સાથે ૧૨ સ્માર્ટ ફોન સિવિલ હોસ્પિટલમાં આપવામાં આવ્યા અને તૂરંત વિડીયો કોલીંગથી દર્દીઓએ તેમના સગાઓ સાથે વાત કરીને ખુશાલી વ્યક્ત કરી. ધન્ય છે હિંમતનગરના આવા અગ્રણીઓને કે જેઓએ માનવતાનો સાદ પડતાં પોતાની યથાશક્તિ પ્રમાણે મદદરૂપ થઈ રહ્યા છે. ગોપાલસિંહ રાઠોડે જણાવ્યું કે કોઈપણ વિપદા આવે ત્યારે સરકાર કોઈપણ પક્ષની હોય તે બધી જગ્યાએ પહોંચી વળતી નથી પરંતુ સરકાર, સહકાર અને સેવા એમ ત્રિવેણી સંગમ ભેગો થાય તો ગમે તેવી આપત્તિમાંથી સફળતાપૂર્વક બહાર નિકળી શકાય છે.


માસ્ક સાથે બે ગજનું અંતર જાળવીએ — આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

રાજ્યના ૭૧.૫૪ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૭ કરોડ જનસંખ્યાને મે મહિનામાં રાહતદરના નિયમિત વિતરણ ઉપરાંત

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વધારાના અનાજનું આજથી વિનામૂલ્યે વિતરણ





• અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા.૧૧ મે થી ૨૦ મે-૨૦૨૧ દરમ્યાન (રેશનકાર્ડ બુકલેટ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) નીચે મુજબ રાહતદરનું નિયમિત વિતરણ અને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"ના વિનામૂલ્યે વિતરણના દિવસો નિર્ધારીત રહેશે.

રેશનકાર્ડ બુકલેટ નંબર : XXXXX XXXX1

NFSA રેશનકાર્ડ બુકલેટ નંબરમાં

છેલ્લા આંકડાનો નંબર ૧ હોય તેમને તા. ૧૧ મે
છેલ્લા આંકડાનો નંબર ૨ હોય તેમને તા. ૧૨ મે
છેલ્લા આંકડાનો નંબર ૩ હોય તેમને તા. ૧૩ મે
છેલ્લા આંકડાનો નંબર ૪ હોય તેમને તા. ૧૪ મે
છેલ્લા આંકડાનો નંબર ૫ હોય તેમને તા. ૧૫ મે
છેલ્લા આંકડાનો નંબર ૬ હોય તેમને તા. ૧૬ મે
છેલ્લા આંકડાનો નંબર ૭ હોય તેમને તા. ૧૭ મે
છેલ્લા આંકડાનો નંબર ૮ હોય તેમને તા. ૧૮ મે
છેલ્લા આંકડાનો નંબર ૯ હોય તેમને તા. ૧૯ મે
છેલ્લા આંકડાનો નંબર ૦ હોય તેમને તા. ૨૦ મે



અનિવાર્ય સંજોગોમાં જો કોઈ લાભાર્થી નિયત કરેલ દિવસે વાજબી ભાવની દુકાનેથી તેઓને મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો મેળવી ન શકે તો તેઓ તા.૨૧ મે થી ૩૧ મે ૨૦૨૧ સુધીમાં વાજબી ભાવની દુકાન ખાતેથી મેળવી શકશે.
કોઈપણ લાભાર્થી અન્ન વિતરણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

"રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" હેઠળના NFSA (AAY+PHH) રેશનકાર્ડ ધારકને મે-૨૦૨૧માં રાહતદરનાં નિયમિત જથ્થા ઉપરાંત "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (PMGKAY) હેઠળ વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજ વિનામૂલ્યે મળશે

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ અને મીઠા ના મે મહિનાના નિયમિત વિતરણની આજ રોજ તા.૧૧ મે થી નીચે મુજબ રાહતદરથી શરૂઆત

| ક્રમ | કેટેગરી | વસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો | ઘઉં | કાર્ડ દીઠ ૨૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| | | તુવેરદાળ | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૬૧.૦૦ |
| ૨ | અગ્રતા ધરાવતા કુટુંબો | ઘઉં | વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૧.૫ કિ.ગ્રા | ૩.૦૦ |
| | | તુવેરદાળ | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૬૧.૦૦ |

| ક્રમ | કેટેગરી | વસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૩ | બીપીએલ | ખાંડ નિયમિત | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૪ | અંત્યોદય | ખાંડ નિયમિત | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૫ | અંત્યોદય અને બીપીએલ | આયોડાઈઝ મીઠું | ૬ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા<br>૬ થી વધુ વ્યક્તિ માટે કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | ૧.૦૦ |
| ૬ | કેરોસીન પાત્રતા ધરાવતા બીપીએલ અને અંત્યોદય કાર્ડધારકો | કેરોસીન | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

માસ્ક પહેરો — હાથ વારંવાર સાબુ કે સેનેટાઈઝરથી સાફ કરો — બે મીટરનું અંતર રાખો

વન નેશન, વન રેશનકાર્ડ યોજના

દેશના અન્ય રાજ્યોના N.F.S.A. રેશનકાર્ડ ધારકો ગુજરાત રાજ્યમાં પણ અન્ન પુરવઠો મેળવી શકશે

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકશે

લાભાર્થી પોતાના બન્ને હાથના અંગૂઠા કે આંગળી પૈકી કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અનાજ મેળવી શકશે

કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે માસ્ક જરૂર પહેરીએ, ખોટી ભીડ ન કરીએ અને સોશિયલ ડિસ્ટન્સિંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત